એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૩માં, અમદાવાદ.

ફોજદારી કેસ નંબર ૧૯૨૪૭/૨૦૨૨

**<u>આંક :૧ અન્વયે હુકમ.</u>**

ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કચેરી આદેશ મુજબ આજરોજ સ્પેશ્યલ મેજીસ્ટ્રીયલ સીટીંગનુ આયોજન કરવામાં આવેલ છે.

(૧) સાંભળ્યા, કેસનું રેકર્ડ ધ્યાને લેતા, સી.આર.પી.સી. કલમ: ૧૫૪ મુજબ પોલીસ સ્ટેશનમાં દાખલ થયેલ ફર્સ્ટ ઈન્ફર્મેશન રીપોર્ટ(એફ.આઈ.આર) ના અનુસંધાનમા તપાસ કરનાર અમલદારે તપાસના અંતે આ કામના આરોપી વિરુધ્ધ પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ ધ્વારા બહાર પાડવામાં આવેલ જાહેરનામાના ભંગ બદલ આઈ.પી.સી.ની કલમ:૧૮૮, એપેડમીક ડીસીઝ એકટ કલમ–૦૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ: ૫૧(બી) મુજબના ગુન્હાનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) સી.આર.પી.સી. કલમ: ૧૯૫ મુજબ ''આઈ.પી.સી.ની કલમ: ૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહીત) ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારેજ લઈ શકાય કે જયારે સંલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) <u>ની લેખિત ફરિયાદ વગર લઈ શકાય નહી..''</u> એવી કાયદાકીય મેન્ડેટરી જોગવાઈ રહેલ છે.

–એપેડમીક ડિસીઝ એકટ કલમ:૦૩ મુજબ ગુનાના ભંગ બદલ આઈ.પી.સી.ની કલમ:૧૮૮ મુજબના ગુના સબંધે કાર્યવાહી કરવા જોગવાઈ કરવામાં આવેલી છે. તે જ રીત ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ: ૫૧ (બી)માં પણ એવી જોગવાઈ કરવામાં આવેલ છે કે, સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તે ફરીયાદ કરી શકે અથવા કોઈ વ્યકિત આવા ગુન્હા સબંધે ફરીયાદ કરવા માંગે છે તેવા ઈરાદા સાથે નિયત કરેલા નમુનામાં ૩૦ દિવસથી ઓછા સમયની ન હોય તેવી નોટીસ સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તેને આવી નોટીસ આપ્યા બાદ ફરીયાદ કરી શકે છે. આ જોગવાઈઓનું પાલન કર્યા વગર અદાલત ગુનાનું કોગ્નીઝન્સ લઈ શકતી નથી. હાલના કેસમાં કોઈ સક્ષમ ઓથોરીટી કે સરકારે જેને અધિકૃત કરેલા હોય તેને ડીઝાસ્ટર મેનેજમેન્ટની કલમ–૬૦ ના કલોઝ(એ) મુજબની કોઈ ફરીયાદ કરવામાં આવેલ નથી કે અન્ય કોઈ વ્યકિતએ આ અધિનિયમની (બી) મુજબની પ્રક્રિયા કર્યા ફરીયાદ કરેલ નથી. આમ સદર કાયદાની ફરજીયાત જોગવાઈઓનું પાલન પણ આ કેસમાં થયેલ નથી.

(૩) નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા જયવંતસિંહ ફલજીભાઈ વિરુધ્ધ ગુજરાત રાજય ના કેસમાં તારીખ: ૦૯/૧૨/૨૦03 ના ચુકાદામાં <u>''આઈ.પી.સી.ની કલમ:૧૮૮ કોગ્નીઝેબલ હોવાનુ નામદાર અદાલતે અવલોકન કરેલ છે.''</u>

– કોગ્નીઝેબલ ગુન્હો એટલે કે જેમા પોલીસ વોરંટ વગર આરોપીની ધરપકડ કરી શકે તપાસ કરી શકે તેવો ગુન્હો પરંતુ, સી.આર.પી.સી.ની કલમ–૧૯૫ મા સામાન્ય જોગવાઈમાં કલમ–૧૯૫ થી <u>સામાન્ય બાધ</u>

(અપવાદ) કરવામાં આવેલ છે. તેમા એવી સ્પષ્ટ જોગવાઈ કરવામાં આવેલી છે કે, આઈ.પી.સી.ની કલમ:૧૭૨ થી ૧૮૮ (બંને કલમો સહીત)ના ગુન્હા અંગેનું કોગ્નીઝન્સ ત્યારે જ લઈ શકાય કે જયારે સંલગ્ન જાહેર સેવક ધ્વારા અથવા આવા જાહેર સેવક જેના વહીવટી નિયંત્રણ હેઠળ હોઈ એવા (એટલે કે, આવા જાહેર સેવકના ઉપલા અધિકારી) ની **લેખિત ફરિયાદ વગર લઈ શકાય નહી.** આમ, એક માત્ર કોગ્નીઝેબલ ગુનો બનતો હોય અને પોલીસને તપાસની સત્તા રહેલી હોય એટલા માત્રથી સી.આર.પી.સી.ની કલમ:૧૯૫ની ફરજીયાત જોગવાઈનો બાધ નડે નહી તેવુ માની શકાય નહી.

(૪) નામદાર સુપ્રિમકોર્ટ....(૧) એમ.એસ. અહલ્લાવત વિરુધ્ધ હરીયાણા એ.આઈ.આર.૨૦૦૦ (સુ.કો.) પેજ નં.૧૬૮, (૨) દોલતરામ વિરુધ્ધ પંજાબ રાજય એ.આઈ.આર.૧૯૬૨(સુ.કો.) પેજ નં.૧૨૦૬, (૩) બબીતાલીલા વિરુધ્ધ યુનિયન ઓફ ઈન્ડીયા એસ.એલ.પી.(ક્રિમીનલ) ૧૪૭૪/૨૦૧૨, (૪) મુનીઅપ્ન અને બીજા વિરુધ્ધ તામીલનાડુ રાજય ક્રિમીનલ અપીલ નં.૧૨૭ થી ૧૩૦/૨૦૦૮ તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ....(૧) બેચરવાલા વિરુધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસલીયન્સ અપીલ નં.૫૦૯/૨૦૦૧, (૨) કાનજીભાઈ બબલદાસ પટેલ વિરુધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસલીયન્સ અપીલ નં.૩૪૮/૧૯૯૫, (૩) અરુણધતી ભટ્ટાચાર્ય વિરુધ્ધ ગુજરાત રાજય ક્રિમીનલ મીસલીયન્સ અપીલ નં.૧૭૨૮૬/૨૦૧૭, (૪) ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરુધ્ધ ગુજરાત રાજય ૨૦૧૮ (૧) જી.એલ.એચે.પેજ નં.૬૩ ના કેસ લોમા એવું હેલ્ડ કરવામાં આવેલ છે કે, The provisions of Section 195 Cr. P.C. are mandatory and Non-compliance of it would vitiate the prosecution and all other consequtial orders. The Court cannot assume the cognizance of the case without such complaint. In the absence of such a complaint, the trial and conviction will be void abinitio being without juridiction. નામદાર મહારાષ્ટ્ર હાઈકોર્ટની ડિવીઝન બેન્ચે HLA SHAWE Vs. State of Maharastra ક્રિમીનલ એપ્લીકેશન નં.૪૫૩/૨૦૨૦ ના ચુકાદામા એવુ અવલોકન કરવામાં આવેલ છે કે, " We are of the opinion that allowing the prosecution to continue would be nothing but an abuse of the process of the Court in as much as there was an express legal bar against the institution of F.I.R. against an accused based on the police report."

(૫) નાદાર સુપ્રિમકોર્ટ પંકજ અગ્રવાલ વિરુધ્ધ દિલ્લી રાજય ૨૦૦૧ (૩) ક્રાઈમ્સ (સુપ્રિમકોર્ટ) પેજ નં.૩૬૧, નામદાર ગુજરાત હાઈકોર્ટ કાંધલ સરમણ જાડેજા વિરુધ્ધ ગુજરાત રાજય ૨૦૧૯(૨) જી.એલ.આર. પેજ નં.૧૪૬૨ તેમજ નયન હરીશભાઈ કનખરા વિરુધ્ધ ગુજરાત રાજયના ચુકાદામાં એવુ અવલોકન કરવામાં આવેલ છે કે, જયારે ગુન્હા અલગ કરી શકાય તેવા હોય એટલે કે, સ્પીલીટ કરી શકાય તેવા હોય સ્વતંત્ર અને એક અલગ જ ગુન્હો બનતો હોય ત્યારે આવા સ્વતંત્ર ગુન્હાની કાર્યવાહી ચલાવી શકાય છે અને આવા ગુન્હાને સી.આર.પી.સી.ની કલમ: ૧૯૫ નો બાધ નડતો નથી. પરંતુ, જયારે થયેલ ગુન્હા એકબીજા સાથે એવી રીતે જોડાયેલ હોય, ઈન્ટરકનેકટેડ હોય, એકબીજાથી અલગ કરી શકાય તેવા ન હોય તેવા ગુન્હામાં સ્પષ્ટ રીતે સી.આર.પી.સી. કલમ–૧૯૫ છે અને આવા ગુન્હાની કાર્યવાહી આગળ ચલાવી શકાતી નથી, ચાર્જશીટ ધ્યાને લેતા જે રીતે અને જે પ્રમાણે ગુનો બનેલ હોવાનુ દર્શાવેલ છે તેના સંજોગો, ગુનાની વિષય વસ્તુ

જાહેરનામા ધ્યાન સમક્ષ રાખતા આ ગુન્હાઓ એકબીજા સાથે એવી રીતે સ્પષ્ટ સંકળાયેલા છે, એવી રીતે ઈન્ટર કનેકટેડ છે કે, તેમને એકબીજાથી અલગ કરી શકાય તેમ નથી. આથી આવા ગુનાઓને સી.આર.પી.સી. કલમ : ૨ (ડી) મુજબની કોઈ ફરીયાદ પણ કરવામાં આવેલ નથી. પોલીસે સી.આર.પી.સી.ની કલમ-૧૫૪ મુજબ એફ.આઈ.આર. નોંધી અને અદાલતમાં ચાર્જશીટ કરેલ છે જેનો સમાવેશ ફરીયાદમાં થતો નથી. તેવી સ્પષ્ટ કાયદાકીય જોગવાઈ રહેલ છે. આ ઉપરાંત સી.આર.પી.સી. કલમ: ૧૯૫ અંગે નામદાર ગુજરાત હાઈકોર્ટે વહીવટી બાજુએ સરકયુલર નં.ડી.૨૯૧૨-૧૩/૨૦૧૭ તારીખ: ૨૯-૦૭-૨૦૧૭ થી વહીવટી સુચના પણ આપેલી છે. આમ, જયારે સક્ષમ ઓથોરીટી ધ્વારા સી.આર.પી.સી. કલમ: ૨(ડી) મુજબની કોઈ ફરીયાદ કરવામાં આવેલ ના હોય, સી.આર.પી.સી. ૧૯૫ નું સ્પષ્ટ બાદ નડતો હોય, ગુનાઓ જયારે અલગ કરી શકાય તેવા ના હોય એટલે કે સ્પલીટ કરી શકાય તેવા ના હોય એક બીજા સાથે કનેકટેડ ગુના હોય સ્વતંત્ર ગુનાને અલગ કરી શકાય તેમ ના હોય આમ છતા જો આવી કાર્યવાહી ચલાવવવામાં આવે તો તે એબયુઝ ઓફ પ્રોસેસ ગણાય હકુમત વિહીન સમગ્ર કાર્યવાહી બને છે. અને સી.આર.પી.સીી.ની કલમ: ૪૬૧ અન્વયે ની એવી અનિયમીતસર્તાઓ છે કે જેના થી સમગ્ર કાર્યવાહી દુષીત થાય છે અને આવી કાર્યવાહી શરુઆતથી નીરર્થક એટલે કે -Void abinitio બને છે. આથી – નામદાર સુપ્રિમકોર્ટે કે. પ્રભાકર રાવ વિરુધ્ધ આંધ્રપ્રદેશન રાજય તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટે ગોવર્ધનકુમાર ઠાકોરદાસ અસરાની વિરુધ્ધ ગુજરાત રાજય ૨૦૧૮(૧) જી.એલ.એચ. પેજ નં.૬૩ તેમજ રેણુકા વિરુધ્ધ કર્ણાટકા રાજય ૨૦૦૯ ક્રિમીનલ લો- જનરલ ૨૨૪૫ (સુપ્રિમ કોર્ટ) ના ચુકાદા ધ્યાન સમક્ષ રાખી હાલના કેસમાં ન્યાયના હીતમા નીચે મુજબનો હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રીયલમાં જાહેર કરવામાં આવેલ છે.

**::: હુ ક મ :::**

સી.આ.પી.સી. ૨૫૮ અન્વયે આરોપી વિરુધ્ધ આ.ઈ.પી.સી. કલમ: ૧૮૮, એપેડમીક ડીસીઝ એકટ કલમ: ૦૩ તથા ડીઝાસ્ટર મેનેજમેન્ટ એકટની કલમ: ૫૧(બી) મુજબ ના ગુન્હાની કાર્યવાહી બંધ કરી આરોપીને છોડી મુકવાનો આદેશ કરવામાં આવે છે.

– અધિકૃત ઓથોરીટીને સી.આર.પી.સી.ની કલમ: ૧૯૫(૧) મુજબ યોગ્ય કાર્યવાહી કરી ફરી કેસ દાખલ કરી શકે છે.

હુકમ આજરોજ યોજવામાં આવેલ સ્પેશીયલ મેજીસ્ટ્રેટ સીટીંગમા તારીખ ૧૨ મી માર્ચ સને ૨૦૨૨ ના રોજ જાહેર કરવામા આવેલ છે.

સ્થળ: અમદાવાદ,
તા. ૧૨-૦૩-૨૦૨૨.

(સુનંદા પ્રશાંત દુલેરા)
એડી. ચીફ મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટ,અમદાવાદ
મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ કોર્ટ નં.૧૩
Unique Code No.GJ00887